## (૯) ટ્રેક નં.૧૪ : રાગ, વિકલ્પ, શુભાશુભ ભાવ, આસ્રવ વિષે

✿ 'રાગ આગ દહે સદા'. પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે અનાદિથી શુભ-અશુભ ભાવની ઘટમાળથી અનંતા ભવો કર્યા છે. હવે બસ થાઓ! કેવી રીતે રાગથી છૂટવું? તે તો પૂજ્ય ગુરુદેવશ્રી જ સમજાવી શકે ને!

✿ માંગલિક

✿ ભક્તિ : દિન રાત શુભાશુભ ભાવોસે મેરા વ્યાપાર ચલા કરતા,
માનસ, વાણી ઔર કાયાસે આશ્રવકા દ્વાર ખુલ્લા રહતા.

✿ નરકના ક્ષેત્રમાં જેમ સુખની ગંધ નહિ, સ્વર્ગના ક્ષેત્રમાં નરકના દુઃખની ગંધ નહિ એમ ભગવાનના ક્ષેત્રમાં શુભાશુભ ભાવની ગંધ નહિ.

✿ શુભ અશુભ વિકલ્પ જો હે-દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ વો તો બંધ રૂપ હૈ. તો બંધરૂપમેંસે તો બંધભાવ હી ઉત્પન્ન હોતા હૈ, આત્મા મોક્ષ સ્વરૂપ હૈ.

✿ પર્યાયમાં જે વિભાવ થાય છે. એ કાંઈ શક્તિ અને ગુણથી નથી થતો. એવી કોઈ શક્તિ નથી કે વિભાવ કરે. એ તો પર્યાય બુદ્ધિમાં પરના લક્ષે પુણ્ય પાપના ભાવ થાય. એનો પાક કાંઈ દ્રવ્યમાંથી નથી આવ્યો.

✿ શુભ અને અશુભ બેય અઠીક હૈ, બેય બંધકા કારણ હૈ. દો હી દુઃખરૂપ હૈ, આકુળતા હૈ. આસ્રવ હૈ.

✿ 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો' શ્રીમદ્‌માં આવે છે. ૧૬ વર્ષની ઉંમરે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે' એક વિકલ્પ ઊઠે છે 'એ મારો છે' (એ માન્યતા) એ ક્ષણે ક્ષણે ભાવ મરણ થયું. પ્રભુ! અરે! પરની દયાનો ભાવ આવે-રાગ-એ હિંસા જીવની છે. પરની દયાનો ભાવ એ રાગ છે અને રાગ છે એ સ્વરૂપની હિંસા છે.

✿ પૂર્ણ આનંદ અને પૂર્ણ અમૃત સ્વરૂપનો પિંડ છે. (આત્મા). જેને એનું પરિણમન થાય એ વેલડીએ પરિણમન-ત્રિકાળી વેલડી પ્રભુ. એના સ્વીકાર ને સત્કાર અને અનુભવથી આનંદના કોળા પાકે. એમાં જે શુભરાગ-આસક્તિ છે હજી. પૂર્ણ વીતરાગ નથી. તેથી ધર્મીને-જ્ઞાનીને પણ શુભભાવ આસક્તિરૂપ આવે, અભિપ્રાયમાં કાળો નાગ છે. શ્રદ્ધામાં ઝેર

છે. આસક્તિમાં આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગતા નથી ને ?

✿ રાગાદિભાવ એ એનો અંશ નથી અને રાગાદિ ભાવ એનો વંશ નથી. વંશ તો પ્રભુ આનંદ સ્વરૂપ છે એ એનો વંશ છે. રાગ આવે, દયા દાનનો વિકલ્પ-છતાં એની જાતનો વંશ નથી અને એથી એનો એનો એને આદર નથી.

✿ અશુભ ભાવ તો ઝેર છે જ. શુભભાવ પણ અમૃત સ્વરૂપની આગળ તો ઝેર છે, વિષકુંભ કહ્યા છે ને! ઝેરનો ઘડો કીધો છે. પ્રભુ ! અમૃતનો સિંધુ. ભગવાન-અમૃતનો સિંધુ. જયારે પુણ્યભાવ વિષ-ઝેરનો ઘડો કીધો છે.

✿ આત્મા સિવાય પર વસ્તુ-દેવ ગુરુ અને ધર્મની દૃષ્ટિ કરતાં પણ રાગ થાય, કારણ કે એ પર વસ્તુ છે. એના પર લક્ષ જતાં રાગ જ થાય, એમ રાગ છે એના પર દૃષ્ટિ જતાં પણ રાગ જ થાય. એમ એક સમયની પર્યાય છે એના પર દૃષ્ટિ જતાં પણ રાગ જ થાય. એમ ગુણગુણીનો ભેદ કરતા પણ વિકલ્પ-રાગ જ થાય.

✿ ઘણા અપવાસ કરીએ. ઈન્દ્રિય દમન કરીએ, બ્રહ્મચર્ય શરીરથી પાળીએ, કોઈ જીવને દુઃખ ન દેવાનો ભાવ-એ તો બધી વિકલ્પ અને રાગની ક્રિયા છે. રાગ અંધારું છે. એ અંધારાના માર્ગે આત્માનો પ્રકાશ ન મળે.

✿ વિકલ્પ અસંખ્ય પ્રકારના-શુભના અને અશુભના-નિમિત્ત અનંત એ અનંતના લક્ષે ઉપાડેલા વિકલ્પજાળ-એમાં ફસાઈ ગયો છે. જીવે વિભાવની જાત પાથરેલી છે. એણે પોતે હોં પર્યાયે. વિભાવની જાળમાં ફસાઈ ગયો છે. પણ પ્રયત્ન કરે, પુરુષાર્થ કરે તો છૂટ્ટો જ છે.

✿ વિકલ્પમાં પૂરેપુરું દુઃખ લાગવું જોઈએ-ચાહે તો શુભ ભાવ હો, ગુણગુણીના ભેદનો વિકલ્પ હો, દૃષ્ટિમાં ચાહે તો રાગ હો, પણ એ દુઃખ જ છે, વિકલ્પ રાગ છે-એ માત્રમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. એમાં જરીયે સુખ છે નહીં. વિકલ્પ પોતાનો કરવો હોય તો નહીં થાય. વિકલ્પ જે થાય છે. ભલે શુભ પણ 'એ મારો છે' એ (માન્યતા) જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ દુઃખરૂપ છે. પૂરેપૂરું દુઃખ છે. એ દુઃખ જ છે એકલું અને

મિથ્યાત્વ પછીનો રાગ છે એ પણ દુઃખ છે. આ પણ એ તો જ્ઞાનમાં ખ્યાલ આવે છે.

✿ સ્વરૂપની દૃષ્ટિ નથી અને શુભાશુભ ભાવ થાય એને છોડવા જઈશ તો દૃષ્ટિ અજ્ઞાન થઈ જશે. ત્યાં રોકાઈ જઈશ. શષ્ક થઈ જઈશ. સાચુંજ્ઞાન થશે નહિ અને છોડવા જઈશ ત્યાં શુષ્ક, લુખું જ્ઞાન થઈ જશે માટે એકદમ ઉતાવળ ન કરવી એમ કહેવું છે. એટલે એકદમ ઉતાવળ કરીને અંદર જાણે 'રાગને છોડુ', રાગને છોડું, 'એમ બહુ ઉતાવળ ન કર. (આત્મા) પરિણમશીલ છે. કૂટસ્થ નથી. શુભાશુભ પરિણામ તો થશે, એને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. 'આ શુભ છે એને છોડું' દૃષ્ટિ પર ઉપર જશે. શુષ્ક થઈ જઈશ. શુભાશુભ ભાવ આવશે પણ 'આને છોડું' (એ માન્યતા) ત્યાં તો દૃષ્ટિ રાગ ઉપર રહી - સ્વભાવ સન્મુખ નથી. રાગની સન્મુખ થઈને 'આને છોડું' એ પરિણતિ છે તે છૂટશે નહિ અને આ બાજુ આવ્યો નથી અંતરમાં. (તો મિથ્યાત્વ થઈ જશે).

✿ શુભ (ભાવ પણ) અનંતવાર કર્યો છે. ટેવ થઈ ગઈ છે એને. એકેન્દ્રિય નિગોદમાં પણ શુભ છે. સદાય છે. હજી કોઈ દિ' ત્રસ થયા નથી એવા નિગોદના જીવને ક્ષણે શુભ, ક્ષણે અશુભ, એવો શુભભાવ સહજ થઈ ગયો છે એને. સહજ થઈ ગયો છે એટલે કે બસ! થયા જ કરે છે. સ્વભાવ છે એમ નહિ. પણ વિકાર એને સહજ થઈ ગયો છે.

✿ ('હું અબદ્ધ છું') પુણ્ય પાપના વિકલ્પો છે એની તો વાત પણ શું કરવી એ તો દુઃખ રૂપ છે. વ્યાપાર, ધંધા, સ્ત્રી, કુટુંબનું પાલન પોષણ કરવું, એ બધું તો એકલા પાપના પોટલા છે. એ તો એકકોર રહો (એ તો) દુઃખ. પણ દયા, દાન, ને વ્રત, ભક્તિના પરિણામ પણ દુઃખરૂપ છે. રાગ છે ને? એટલે દુઃખરૂપ છે. એ તો દૂર રહો, પણ 'હું જ્ઞાયક છું અને અબદ્ધ છું' એવો વિકલ્પ પણ દુઃખરૂપ લાગે. આત્મા અબદ્ધ છે. પૂર્ણ છે. એથી શું? એથી ત્યાં ઘરમાં ક્યાં તું આવ્યો? વ્યવહારની વાતો તો ક્યાંય દૂર રહી ગઈ. પણ એની વસ્તુ જે છે નિશ્ચય એનું સત્ જેવડું છે એવડું. એવો પણ વિકલ્પ ઉઠ્યો કે 'અબદ્ધ છું, જ્ઞાયક છું, મુક્ત છું,

અમાપગુણનો સાગર છું' એવો જે વિકલ્પ વૃત્તિ ઊઠે અંદર એવો સૂક્ષ્મ વિકલ્પ નામ રાગની વૃત્તિ ઉઠે એ પણ દુઃખરૂપ લાગે છે.

✿ ઈતના ગુણકા અને શક્તિ હૈ. ઉસકી દૃષ્ટિ કરનેસે કોઈ વિકાર નહીં હોતા ક્યોંકિ વો તો નિર્મળાનંદ હૈ અને કોઈ શક્તિ વિકૃત અવસ્થાપણે પરિણમે ઐસા કોઈ ગુણ નહીં હૈ. પણ પર્યાયમેં વિકૃત હોતા હૈ એ નિમિત્ત આધિન સ્વભાવકી શક્તિકી સંપદાકો ભૂલ કર રાગ અને પુણયના પ્રેમમાં વિકૃત અવસ્થા-ગુણ અને દ્રવ્ય નિર્મળ હોને પર ભી, અને ગુણ વિકૃત અવસ્થાએ ન પરિણમે ઐસી શક્તિ હોને પર ભી પર્યાયમેં રાગ અને પુણ્ય જો હોતા હૈ તે નિમિત્ત આધિન હોકર અપનેમેં હોતા હૈ.

✿ દયા દાન તો ઠીક. એ તો સ્થૂળ પાપ (રાગ) છે. સ્થૂળ પાપ (રાગ) છે. સ્થૂળ રાગ છે. એ પણ પાપ છે નિશ્ચયથી. પાપકો પાપ તો સહુ કહે, પણ અનુભવી જન તો પુણ્યકો ભી પાપ કહે, ક્યોંકિ અપના આનંદકા સ્વરૂપસે પતિત હોતા હૈ. પર તરફકા લક્ષમેં રાગ આતા હૈ તો રાગમેં અપના સ્વરૂપસે પતિત હોતા હૈ, પતિત હોતા હૈ, વો કારણસે ઉસકો પાપ કહનેમેં આયા હૈ.

✿ જેને આત્માના રસ વિનાનો શુભભાવ એ લુખ્ખો લાગે લુખ્ખો, અને ચંચળતાવાળો હોય. ફર્યા કરે. શુભ ભાવ ત્યાં ને ત્યાં લક્ષ છે ને ! ટેવાઈ ગયો છે, એ શુભ કરવામાં-સવારે ઊઠે-દેવદર્શન કરે, સામાયિકમાં બેસે, સ્તુતિ કરે, પૂજા કરે, બે ચાર કલાક ત્યાં ગાળે, પણ વસ્તુ અંદર (ધ્રુવ છે) (વસ્તુ) છે એની તો દૃષ્ટિ નથી. અંતરથી ધ્રુવ પરમાત્મા પોતે છે. એનું તો તેને માહાત્મ્ય અને મહિમા આવ્યો નથી. અને બહાર ચીજની ભક્તિ અને મહિમા અને માહાત્મ્યમાં કાળ ગાળે છ. એ બધા ચંચળતાવાળા શુભ ભાવ છે.

✿ આટલા શરીરમાં એને રોકી દીધો એક રાગમાં. એક દયા, દાન અને વ્રત અને ભક્તિનો. વિષય-ભોગની વાસના અને વિકલ્પો ત્યાં મીઠાસમાં રોકાઈ ગયો. અહીં તો ગુણીગુણનો ભેદ લક્ષમાં લે તો પણ એ શુભ રાગ થાય છે. વસ્તુ એક સમયમાં અભેદ ચીજ છે. જેમાં ગુણી અને ગુણનો

ભેદ પણ જેમાં નથી એવો જે દૃષ્ટિનો વિષય અભેદ એ ગુણગુણીના ભેદને પણ એ તો સ્વીકારતો નથી. તો પછી શુભભાવને આદરે અને સ્વીકારે એ તો વસ્તુ નથી.

✿ જે સહજ નથી, કૃત્રિમ છે, એની ટેવ પડી ગઈ છે ને! કૃત્રિમ છે, નવો થાય છે. મૂળ સ્વભાવમાં નથી અને નવો કૃત્રિમ થાય છે. એની પરંપરા પણ નવી કરે તો થાય છે. એ પરંપરા ચાલે એવી કોઈ ચીજ નથી છતાં એની ટેવ પડી ગઈ છે.

✿ જ્ઞાનાદિ અનંત પ્રભુ નિત્યાનંદ ધારાવાહી પડ્યો છે. એને પકડ્યો એને શુભભાવ આવે, પણ ત્યાં ઊભો પણ રહે છે, અટકે છે, અટકે છે, પણ છે કાળો નાગ અને ઝેર.

✿ આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય આનંદ છે. એનાથી શુભભાવ વિરુદ્ધ છે, આવે, હોય પણ છે વિષકુંભ. કહ્યો છે ને? ઝેર છે. જે સ્વરૂપનો સાધક નથી, પણ સ્વરૂપમાં બાધક છે. શુભભાવ વ્યવહારે ય બાધક છે અને નિશ્ચયે ય બાધક છે. વ્યવહારે તો અશુભ છૂટવાની દૃષ્ટિની અપેક્ષાવાળાને હોં. અશુભ છૂટવાની અપેક્ષાએ અશુભમાંથી છૂટે એટલો વ્યવહાર કહેવામાં આવે છે. (દૃષ્ટિ) ચૈતન્ય જ્ઞાયક દ્રવ્ય વસ્તુ છે એની દૃષ્ટિ થઈ છે એને આ અશુભ ટાળીને શુભ આવે એટલી અપેક્ષાએ એને વ્યવહાર કહેવાય પણ છે તો નિશ્ચયથી ઝેર અને હેય (છે). એ શુભભાવને ઉપાદેય માને તો તે મિથ્યાત્વ છે.

✿ જિન સ્વરૂપ જ પ્રભુનું (છે) જિનસ્વરૂપી જ પ્રભુ છે. વીતરાગ સ્વરૂપી સર્વોત્કૃષ્ટ તત્ત્વ-મહાપ્રભુ જેની શક્તિ અને જેનો સ્વભાવ તદ્દન વીતરાગી, પૂર્ણ, પૂર્ણ, સ્વરૂપ છે. જેમાં શુભભાવ આવે છતાં એ ઝેર છે. કાળો સર્પ છે, કાળો સર્પ છે, સાધારણ સર્પ નહિ, કાળો સર્પ હોય ને?

✿ જેને તીખી તમન્ના એટલે ઉગ્ર એકાગ્રતા થવાની જેની ભાવના હોય એને તો માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે. એ રૂદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એની સંપદા ભગવાનની- પર્યાયમાં દ્રવ્યની સંપદા અનંત અનંત અનંત અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાતિ, અનંત શ્રદ્ધા, અપાર ગુણોનો દરિયો પ્રભુ-અપાર

શક્તિ અને ગુણોનો સાગર પ્રભુ-એની નિજ ઋદ્ધિ સંબંધી વિકલ્પમા પણ તે રોકાતો નથી.

✿ અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે. મિથ્યા શ્રદ્ધા અને ક્રોધ, માન, માયા, લોભ, વિષય વાસના-એના અશુભભાવની તો અનાદિથી ટેવ પડી ગઈ છે. એ અનાદિનો અભ્યાસી છે. સર્વે જીવને ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું-એ વાત સાંભળી છે અને પરિચયમાં આવી છે અને અનુભવમાં આવી ગઈ છે. 'સર્વે જીવને' એમ કહ્યું છે. આત્મા સિવાય વિકલ્પ દયા, દાનનો વિકલ્પથી માંડીને ધંધા વેપાર આદિના પરિણામ તો પાપ છે. આખો દિ' એમાં રચ્યો પચ્યો રહે છે. એ તો પાપમાં રચ્યો છે એકલો. ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી ત્યાં તો.

✿ પુણ્ય-દયા, દાન, વ્રત, ભક્તિ કા વિકલ્પ હૈ એ રાગ છે. વો બંધનું કારણ છે. ઝેર છે. દુઃખ છે. દુઃખ છે. બંધકા કારણ હૈ, પુણ્ય સબ બંધ હૈ, ખબર હૈ દુનિયાકો ખબર હૈ અજ્ઞાનમેં ચલતી આતી હૈ. દુઃખકા કારણ હૈ. 'મૈં તો આનંદ સ્વરૂપ અતીન્દ્રિય નિષ્ક્રિય રાગકી ક્રિયાસે ભિન્ન ઐસા મૈં હૂઁ' ઐસા ભી વિકલ્પ ઊઠતા હૈ રાગ-વો ભી બંધનકા કારણ હૈ, વો ભી મોક્ષકા કારણ નહીં.

✿ અરેરે! (એણે) પોતાના સ્વરૂપની મહિમા અને માહાત્મ્ય કેટલું તે સાંભળ્યું નથી. બહારમાં અને બહારમાં રોકાઈ ગયો. બે પાંચ લાખ ખર્ચે, વર્ષીતપ કરે, જાત્રા કાઢે, માળા પહેરાવે! એણે બહુ કર્યું જાણે અરે! કાંઈ કર્યું નથી પ્રભુ. એ તો બધી બહારની ક્રિયાઓ રાગની (છે).

✿ જે શુભભાવ કરે-દયા, દાન, વ્રત, તપ આદિ તો શુભ છે. એનાથી પુણ્ય બંધાશે. પુણ્ય બંધાશે એનાથી સંયોગ મળશે. ચાહે તો વીતરાગની વાણી મળે અને વીતરાગ મળે એ તો સંયોગ છે અને તને શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને એના ફળ પણ દુઃખરૂપ છે. કારણ કે સાંભળવા જઈશ ત્યાં રાગ થશે. અને રાગ દુઃખરૂપ છે.

✿ રાગાદિ બધા મ્લેચ્છ છે. એ બધા તારામાં નથી પ્રભુ! એ તારો દેશ નથી. એ તારું ક્ષેત્ર નથી, એ તારો ભાવ નથી, એ તારું ઘર નથી.

✿ શુભ-અશુભ ભાવ તો કૃત્રિમ ઊભા કર્યા હતા. એ કાંઈ અંદર પડ્યા

નથી. શુભ અને અશુભ ભાવ કાંઈ અંદર પડ્યા નથી-એ નવા કરેલા હતા એ તો સંયોગી ભાવ (છે) એનાથી સંયોગી કર્મ અને સંયોગી ચીજ દેખાય.

✿ આ આવો છે, આ આવો છે! પરિપૂર્ણ જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણોનો સાગર છે. એવી વિધિ-એના અસ્તિત્વનો જે વિકલ્પ અને એ રાગ નથી, વિકાર નથી એનામાં આ નથી, આ નથી' એવો નિષેધનો વિકલ્પ એને છોડ. 'હું બંધાયેલો છું, હું રાગથી બંધાયેલો છું' એ તો વિકલ્પ કરતાં જ આવ્યા છીએ વ્યવહારથી. પણ 'બંધાયેલો નથી. હું એક અંદર વસ્તુ બંધાયેલો નથી'. પણ એ વિકલ્પવૃત્તિ ઉઠે છે, વિકલ્પ ઉઠે છે એ રાગનો અંશ છે.

✿ સાધક જીવને-જે દ્રવ્યનો નિર્લેપ સ્વભાવ એનો જેણે આશ્રય કર્યો-મહાપ્રભુનો જેણે આશ્રય કર્યો, એની પર્યાયમાં જે નિર્મળતા થઈ અને એને બાકી રહેલો વિકલ્પ એ મિશ્ર-પરિણામ પણ મિશ્ર વિકલ્પ છે એ તો આસ્રવ છે. અને જેટલો પરના લક્ષમાં જાય છે તેટલો તેને રાગ થાય છે.

✿ ગુણી ભગવાન-અનંત ગુણનો ધણી-એ જ્ઞાન સ્વરૂપ છું, દર્શન સ્વરૂપ છું, એવો ગુણીમાંથી ગુણનો ભેદ ઊઠે વિચારમાં, એ પણ એક વિકલ્પ અને દુઃખ છે.

✿ પરની દયા પાળવાનો ભાવ રાગ છે અને એમાં સ્વરૂપની હિંસા (થાય છે) બાપુ! તને ખબર નથી. ભાઈ! કેમકે રાગની પાછળ અંદર પ્રભુ શુદ્ધ, સિદ્ધ સ્વરૂપી બિરાજે છે. એનો તે અનાદર કરી અને રાગનો આદર કર્યો. પરની દયા પાળી શકતો નથી કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતો નથી. પણ પાળવાનો ભાવ થયો એ પણ શુદ્ધ દ્રવ્યથી ભિન્ન જાત છે.

✿ આપણે શુભ કરીએ છીએ ને! અશુભ ટાળીએ છીએ ને! શુભ કરીએ છીએ ને! એમાં એ અશુભ તો ટળ્યું છે ને? એટલે એટલો તો લાભ થયો છે ને! પણ જેની દૃષ્ટિ જ હજી રાગ કરવા પર છે અને રાગથી લાભ થાય છે. એમ માનનાર મિથ્યાદૃષ્ટિને અશુભ પણ ટળ્યું નથી. મિથ્યાત્વ એ જ મહા અશુભ છે પહેલું તો.

✿ શુભાશુભમાં સામાન્ય-દો હી બંધ કારણ હૈ, બિલકુલ ધર્મકા કારણ નહિ. ધર્મ તો નહીં. પણ ધર્મનું કારણ ભી નહિં. ઉસમેં જો ભેદ પડેગા. શુભ કરતે હૈ, અચ્છા હૈ, અચ્છા હૈ, કંઈક શુભ કરતે હૈ તો અચ્છા હૈ. ઐસા ભેદ પાડતે હૈ વો ઘોર સંસારમેં મિથ્યાત્વ કે કારણસે રખડેગા. વો નરક અને નિગોદમાં રખડેગા.

✿ ભેદ અને અભેદને તો સર્વજ્ઞ પરમેશ્વર બધું જાણે-કેવળજ્ઞાની પરમાત્મા-એ તો વીતરાગ છે. વીતરાગ હોવાથી જાણતા કોઈ જાતનો એને વિકલ્પ થતો નથી. પણ આ તો રાગી પ્રાણી છે અને અભેદની દૃષ્ટિ છોડીને ભેદનો વિકલ્પ ઊઠાવશે તો ત્યાં રાગ જ થશે.

✿ જ્યાં પૂર્ણ આશ્રય નથી, જ્યાં નબળી દશા છે. એમાં રાગ થાય પણ એ રાગ છે એ બંધનું કારણ છે. સમકિતીને, મુનિને પણ રાગ આવે એ બંધનું કારણ છે. જગ પંથ છે.

✿ તારા શુભાશુભભાવ થયા તને અનંત વાર. એ વખતે પણ વસ્તુ તો શુદ્ધપણે જ રહી છે. શુભ અને અશુભ ભાવ અનંતવાર કર્યો. પાપના ભાવ અનંતવાર કર્યા એમ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાના ભાવ પણ અનંત વાર કર્યા છે. એ કોઈ નવી ચીજ નથી. ખરેખર! તો એ શુભ અશુભ ભાવ ભવ છે. ભગવાન અંદર શુદ્ધ ચૈતન્ય ભિન્ન છે.

✿ (કોઈએ પૂછ્યું કે) મહારાજ! આ જાત્રા શું છે ? (મહારાજે કહ્યું કે) જો ભાઈ, જાત્રાનો વિકલ્પ તો એ છે કે જે સ્થળે સિદ્ધ થયા એ સ્થળે જતા ઉપર સિદ્ધ છે તેવી સ્મૃતિ માટે જાત્રા છે. વસ્તુ હોય છે છતાં એ ભાવ શુભ છે. સ્મૃતિમાં સિદ્ધને સ્મરે ત્યાં નીચેથી, છતાં એ શુભ છે. ધર્મ નથી. પણ એવો ભાવ આવ્યા વિના રહે નહિ વીતરાગ નથી એને. છતાં એ ધર્મનું કારણ છે એમ પણ નથી.

✿ રાગનો કાળ હોય છે ત્યારે રાગ આવે, ભાઈ! પણ એ રાગ એ કાંઈ જીવનું જીવન નથી. રાગથી મને લાભ થાય છે એ તો શુદ્ધ ચૈતન્યના ભાવ પ્રાણને ઘસારો થાય છે. રાગનું જેને જીવતર છે એને સ્વભાવનું મૃત્યુ છે અને જેણે રાગનું મૃત્યુ કર્યું છે તેને સ્વભાવનું જીવન આવ્યું છે હાથમાં.

✿ જિસકો દયા, દાન, વ્રત, ભક્તિ, તપકા ભાવ આયા એ શુભ રાગ હૈ યે શુભરાગકા જિસકો રસ-પ્રેમ હૈ ઉસકો, સારા આત્મા રાગ રહિત હૈ, ઉસકો હેય (માનકે) છોડ દિયા હૈ, અનાદર હૈ.

✿ એ રાગ અને પુણ્યના ભાવનો અનુભવ એ કર્મ ચેતના (અને) કર્મફળ ચેતનાકા અનુભવ મિથ્યા અનુભવ હૈ. જે કાંઈ શુભભાવ આવે, દયા, દાન, વ્રત, ભક્તિકા હો એ શુભભાવ કર્મ ચેતના છે. વિકારભાવકા વેદન ઉસમેં હૈ. રાગદ્વેષકા વેદન હૈ, વિકાર ભાવકા વેદન હૈ.

✿ આત્મા પવિત્ર અમૃતકા સાગર હૈ. એક એક ગુણમેં અમૃત પડા હૈ ઐસે અનંત અમૃતકા સાગર ભગવાન ઉસકા અનુભવ જિસકો હુઆ અંદરમેં, ધર્મ દૃષ્ટિ હુઈ, વિકાર દૃષ્ટિ, પર્યાય બુદ્ધિ છૂટ ગઈ, ઉસકો રાગ આતા હૈ, ઝેર જૈસા દિખતા હૈ ઔર વિષય વાસના ભી આતી હૈ સમ્યક્દૃષ્ટિકો, પણ કાળા નાગને જેમ દેખે ઐસે વિષયવાસનાકો કાળા નાગ, ઝેર દેખતે હૈ.

✿ સમકિતીકો ભી પરકી કર્તૃત્વકી બુદ્ધિ (ઔર) છૂટ ગઈ હૈ, પણ રાગ આતા હૈ વિશેષ અને મુનિરાજકી તો કર્તૃત્વબુદ્ધિ છૂટ ગઈ હૈ અને રાગ બહુત મંદ હો ગયા હૈ. વીતરાગી બિંબ હો ગયા હૈ-જિનબિંબ. ઐસે અંતરમેં વીતરાગી બિંબ હો ગયા હૈ ઔર આહાર વિહાર આદિકી અસ્થિરતા રૂપ વિકલ્પ ભી બહોત હી મંદ હોતા હૈ. આહાર અને વિહારની વિકલ્પવૃત્તિ બહુત મંદ (હો ગઈ હૈ.) અતીન્દ્રિય આનંદમેં રમતે ઝૂલતે રાગ બહુત મંદ હો ગયા હૈ.

✿ ભગવાન આત્મા! વિકલ્પના રાગ સે નિવૃત્ત સ્વરૂપ (હૈ) ઐસા ભાન હુઆ ઐસે સમકિતીકો ઔર મુનિરાજકો બહારમેં. વિકલ્પમેં આતા હૈ તો બોજા લગતા હૈ, રાગ હૈ, દ્વેષ હૈ, દુઃખ હૈ, માનો પર્વત ઉઠાના હો, જ્ઞાનીકો રાગ આતા હૈ તો ભઠ્ઠી લગે ક્યોંકિ 'રાગ આગ દાહ દહે સદા' એ શુભઅશુભ રાગ દો હી આગ-અગ્નિ હૈ.

✿ ભક્તિઃ રાગ આગ લાગે, નાગ સમાન, કષાય ભાગ નવ દેખાય (૨),
અભેદ જેણે ગ્રહણ કર્યા એને સત્‌જ્ઞાની કહેવાય.

✿ શુભ રાગ હો, દયા-દાન જે વ્યવહાર રત્નત્રય કહેતે હૈ ઐસા રાગકા

જિસકો પ્રેમ હૈ, ઉસકો ત્રિકાળી સ્વભાવ પ્રત્યે ક્રોધ નામ દ્વેષ હૈ.

✿ આંખમેં જેમ રજકણ એક હોય તો ખટક ખટક ખટકતે હૈ એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ! ઉસમેં દયા, દાનકા વિકલ્પ હો વો ખટકતે હૈ.

✿ પર દ્રવ્ય-શરીર, કર્મ, લક્ષ્મી, આદિ પર દ્રવ્ય-એ તો અપની પર્યાયમેં ભી હૈ નહિ. પર્યાય એટલે અવસ્થા-હાલત અને હાલતમેં પુણ્ય અને પાપના ભાવ મલિન હો પણ ટિકતે નહિ, એક સમય રહેતે હૈ અને જિસકો જ્ઞાનાનંદ સ્વભાવ તરફની જિજ્ઞાસા થઈ ઉસકો મલિન ભાવ રુચતે નહિ.

✿ શુભ અને અશુભ પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગ કરકે જન્મમરણ કરતે હૈ. 'પરકા કિયા હૈ' માટે જન્મમરણ કરતે હૈ ઐસા હૈ નહિ.

✿ આત્માકા સમ્યક્દર્શન, જ્ઞાન બિના ક્લેષ-વિકલ્પ આદિ દેવ, ગુરુ, શાસ્ત્રકી ભક્તિ, પૂજા, વ્રત, આદિ કરો તો કરો ક્લેષ કરો એ ક્લેષ હૈ.

✿ આત્મા તો અરૂપી હૈ. એ રૂપીને કૈસે ભોગવે? ફક્ત એ ઉપર લક્ષ જતાં 'આ ઠીક છે, મને મજા પડે છે.' ઐસા રાગ કરતે હૈ. યે રાગ કા ભોક્તા હૈ. રાગ-ઝેરકા ભોક્તા હૈ. અમૃત સાગર ભગવાન અપનેકો ભૂલકર રાગના ઝેરને પીતા હૈ.

✿ 'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવી જન પુણ્યકો પાપ કહે'

✿ સ્વરૂપ ભગવાનસે પતિત હો જાતા હૈ-શુભભાવમેં આતા હૈ તો સ્વરૂપસે પતિત હોતા હૈ.

✿ જે કોઈ શુભ અને અશુભ ભાવ દો માં ફેર માને કે શુભ ઠીક હૈ અને અશુભ અઠીક હૈ, (તો) ઘોર સંસારમેં રખડેગા શુભ અને અશુભમાં કાંઈ ફેર નથી. બંને બંધનું કારણ છે. 'નહિ મન્ન ઈ' ઐસા જો ન માને વો 'હિડંતી ઘોર અપાર સંસાર'. ઘોર નિગોદ આદિ સંસારમાં રખડેગા, પ્રભુ!

✿ રાગસે એ ચૈતન્ય સ્વરૂપ ભગવાન-ઉસકો, અંગનમેં, પર્યાયમેં અંદરમાં પ્રવેશ કિયે બિના વિકલ્પ ઊઠાના. 'મૈં ઐસા હૂઁ, મૈં ઐસા હૂઁ, મૈં પ્રભુ હૂઁ' યે સબ વિકલ્પ-રાગ હૈ, ભેદના વિકલ્પની પણ જેને જરૂર નથી.

✿ 'યહ વિકલ્પ તોડ દો' એ પણ એમાં નહિ. 'યહ વિકલ્પ તોડ દો' એ વિકલ્પ ભી રાગ છે.

✿ પરિહાર આદિ પ્રતિક્રમણ પરિહાર, નિંદા-દોષ કિયા એની નિંદા એ સબ શુભભાવ, ઝેર હૈ, વિષકુંભ હૈ.

✿ અમૃત સ્વરૂપ પ્રભુ-શાંત, શાંત, નિવૃત્ત, રાગસે નિવૃત્ત સ્વરૂપ, ભિન્ન પ્રભુ હૈ. ઉસમેં રાગકી વૃત્તિ ઉત્પન્ન હોતી હૈ યે જ્ઞાનીકો આનંદકા સ્વાદમેં યે સુહાતા નહિ, ઉસમેં સુખબુદ્ધિ હોતી નહિ. ઐસા ભાવ કમજોરીસે જ્ઞાનીકો ભી આતા હૈ, સુહાતા નહિ.

✿ ભગવાન આત્મા ઉસમેં પાપના વિભાવરૂપ પરિણમન હદવાળી હૈ, મુદતવાળી હૈ, એ કાયમ રહનેકી ચીજ નહિ (ઐસા માને) તો ઉસે વિમુખ હો શકતે હૈ.

✿ અનંતાનુબંધી કીધી છે ને કષાય. એટલે મિથ્યાત્વ અનંત છે તેની સાથે રહેલો કષાય તેમ-અનંતાનુબંધી.

✿ રાગ અને પરલક્ષી જ્ઞાન એની જેને અંતરમાં મહિમા છે, એને ભગવાન અનંત સમૃદ્ધિથી ભરેલો પ્રભુ-એને સજ્જડ તાળા માર્યા છે.

✿ રાગ હોતા હૈ અને કર્તા હોતા નહિ. 'રાગ કરને લાયક હૈ' ઐસા જ્ઞાનીકો હોતા નહિ-છતાં રાગ આતા હૈ.

✿ પર્યાયમાં વિભાવ રહે અને પર્યાયમાં જ્ઞાન એનું રહે અને ત્યાં આગળ લક્ષ રહે ત્યાં ચાર ગતિનો અભાવ ન થાય, ગતિ મળશે.

✿ આ જે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય વગેરે મહાવ્રત છે. એ તો રાગ છે, વિકાર છે, દુઃખ છે. આસ્રવ છે. એ રૂપે પ્રભુ અંદર આત્મા ચૈતન્યતત્ત્વ એ રૂપે તો થયો નથી. કેમકે આસ્રવ તત્ત્વથી આત્માના જાણપણાના સ્વભાવરૂપે પણ આવ્યો નથી.

✿ વસ્તુ સ્વરૂપ તો શુદ્ધ નિર્વિકલ્પ આનંદ છે. એમાં તારી દૃષ્ટિ નથી. તેથી તું વર્તમાનમાં રાગને વળગ્યો છો. રાગને-એક વિકલ્પને પણ કરવો-એ સ્વરૂપ તો જ્ઞાતાદૃષ્ટા છે એમાં વિકાર કરવું એ તો મરવું-શાંતિનો નાશ કરવાનો છે પર્યાયમાં.

✿ અરે! (પર્યાયમાં) રાગ થાય દયા, દાનનો એમાં કાંઈ નથી, બાપા! એ તો રાગ છે, વિકાર છે, એ તારામાં નથી, એ તારી જાત નથી, કજાત છે. કજાતને જોવા રોકાણો, સજાતને જોવા આવતો નથી.

✿ શુભભાવ-દયાનો પરની દયાનો ભાવ-એ શુભભાવ. અહિંસા-પરને ન મારવું-એવો જે ભાવ. એ શુભભાવ. સત્ય બોલવું એવો ભાવ એ શુભભાવ. એ શુભભાવ (માં) શ્રમ પડે છે. કેમકે વિકાર છે. અરે પ્રભુ!

✿ વસ્તુ કાંઈ દુઃખનું કારણ નથી વસ્તુ તો જ્ઞેય છે, ચાહે તો ગમે તે પ્રતિકૂળ હોય કે અનુકૂળ પણ જ્ઞાનનું જ્ઞેય છે. એમાં પ્રતિકૂળ કે અનુકૂળ કોઈ ત્યાં છાપ મારી છે અંદર? એ તો જ્ઞેય છે જગતની ચીજો. એને અજ્ઞાની પ્રતિકૂળ માનીને દ્વેષ કરે (અને) અનુકૂળ માનીને રાગ કરે, એ તો માનીને રાગ કરે (છે.) એ વસ્તુ કાંઈ અનુકૂળ કે પ્રતિકૂળ નથી.

✿ ચૈતન્ય જ્ઞાતા-પૂર્ણાનંદનો નાથ-એને રાગ કરવાનું સોંપવું એ ચક્રવર્તીને, મહેલમાંથી ઝાડુ કાઢવાનું સોંપવા જેવું છે.

✿ 'આ રાગ આવ્યો એ મહેમાન તરીકે આવ્યો છે. એ મારા ઘરની ચીજ નહિ', એમ જ્ઞાની સમજે છે.

✿ પુણ્યના પરિણામવાળો 'પાપ મને ખપે નહિ. આ વિષય મને ખપે નહિ, આ મને ખપે નહીં' પણ એ પણ શુભરાગનો વિકલ્પ છે. ચંડાળણીનો પુત્ર છે-વિભાવનો.

✿ આત્મા અનંતગુણનો ધણી અને એમાં અનંત ગુણ-એવો ગુણગુણીના ભેદનો જે વિકલ્પ ઊઠે એ પણ રાગ છે. એ ઊંડે ઊંડે લાભ નથી એમાં લાભ માને એને આત્માના દર્શન થતા નથી.

✿ પર્યાય દૃષ્ટિ હોય તો દુઃખ (છે) પર્યાય પોતે દુઃખરૂપ નથી. દ્રવ્યનું જ્ઞાન કરે અને પર્યાયનું જ્ઞાન કરે એમાં કાંઈ (દુઃખ નથી), પણ રાગ છે એ દુઃખરૂપ છે.

✿ સર્વજ્ઞ એમ કહે છે કે શુભભાવ તે અજીવ છે. ભલે દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિનો ભાવ આવ્યો, પણ એ જીવ-ચૈતન્યની જાત નથી. તેથી અજીવ કહ્યો છે. છે તો જીવની પર્યાયમાં-પણ એ ચૈતન્યના સ્વભાવનો કોઈ અંશ એમાં નથી તેથી તે અચેતન છે, અજીવ છે, હેય છે.

✿ રાગ, કષાયની મંદતામાં સંતોષાઈ ગયો તે અકષાય સ્વભાવ જ્ઞાયકને પામતો નથી, જાણતો નથી, પામતો નથી.